# Day to Day Current Affairs

## 29.JAN 2016

### ૧. સ્માર્ટ સિટિ પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં 20 શહેરોની પસંદગી :

- કેન્દ્ર સરકારના 100 સ્માર્ટ સિટિ બનાવવાના પ્રોજેક્ટનાં પ્રથમ તબકકામાં 20 સિટિની જાહેરાત કરાઈ.
- બે વર્ષ બાદ બીજા તબકકામાં અન્ય 40 શહેરોના નામ જાહેર કરાશે અને ત્યારબાદના તબકકામાં અન્ય 40 શહેરોના નામ જાહેર થશે.
- 50 હજાર કરોડના આ પ્રોજેક્ટમાં શહેરમાં મુખ્યત્વે પરિવહન, રહેઠાણ, ઈન્ટરનેટ, સ્વાસ્થ્ય, વીજળી, પાણી અને શિક્ષણ જેવા મુદા જોવામાં આવશે.
- પહેલી યાદીમાં સામેલ શહેરોને પહેલા 200 – 200 કરોડ અને ત્યારબાદ ત્રણ વર્ષ સુધી 100 – 100 કરોડ અપાશે.
- કેન્દ્ર અને રાજ્ય સરકારો સાથે મળીને આ પ્રોજેક્ટ પર કામ કરશે.
- પ્રથમ તબકકાના 20 શહેરોની આ યાદીમાં ગુજરાતના બે શહેર અમદાવાદ અને સુરતનો સમાવેશ કરાયો છે.

### ૨. ‘ જિદ કરો, દુનિયા બદલો’ :

- વર્તમાન પત્ર દિવ્યભાસ્કરનું નવું અભિયાન.
- દર સોમવારે નો નેગેટીવ ન્યુઝ આપતા દિવ્ય ભાસ્કરે હવે દર શુક્રવારે ‘જિદ કરો, દુનિયા બદલો’ ની થીમ પર નવું અભિયાન ચાલુ કર્યું.
- જેની અંદર ચાર વિશેષ પાનાઓ પર એવા 25 જીદીઓ વિશે આપવામાં આવી રહ્યુ છે જેમના જનૂની પ્રયાસથી દુનિયામાં સકારાત્મક પરિવર્તન થયા છે.

### ૩. વિશ્વના સૌથી 50 ધનવાનોની યાદીમાં ત્રણ ભારતીય :

- વેલ્થ એકસ અને બિઝનેસ ઈન્સાઈડરે મળીને વિશ્વના સૌથી ધનવાન 50 નામોની જાહેરાત કરી.
- માઈક્રોસોફ્ટના બિલ ગેટ્સ આ યાદીમાં પ્રથમ સ્થાને છે.
- આ યાદીમાં ત્રણ ભારતીય બિઝનેસમેન મુકેશ અંબાણી, અઝિમ પ્રેમજી અને દિલીપ સંઘવી અનુક્રમે 27, 43, અને 44મું સ્થાન મળ્યુ છે.

### ૪. ‘ ધ ટર્બ્યુલન્ટ યર્સ : 1980 – 96’

- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી દ્વારા લિખીત પુસ્તક.
- તેમના જીવન પર આધરીત આ પુસ્તકમાં 1980 થી 1996 સુધીની તમામ રાજકીય ઘટનાઓનો સમાવેશ કર્યો છે.

## પ્રશ્નો

૧. કેન્દ્ર સરકાર દ્વારા સ્માર્ટ સિટિ પ્રોજેક્ટ પ્રથમ તબકકામાં કેટલા શહેરોની પસંદગી થઈ ? – 20

૨. સ્માર્ટ સિટિ પ્રોજેક્ટના પ્રથમ તબકકાના 20 શહેરની યાદીમાં ગુજરાતના ક્યાં શહેરને સ્થાન મળ્યુ ? – અમદાવાદ, સુરત

૩. કેન્દ્ર સરકારનો કુલ કેટલા સ્માર્ટ સિટિ બનાવવાનો પ્રોજેક્ટ છે ? – 100

૪. ક્યાં વર્તમાનપત્ર દર શુક્રવારે ‘ જીદ કરો, દુનિયા બદલો’ ની થીમ પર નવું અભિયાન ચાલુ કર્યું ? – દિવ્ય ભાસ્કર

૫. વેલ્થ – એકસ અને બિઝનેસ ઈન્સાઈડર એ તૈયાર કરેલ વિશ્વની સૌથી 50 ધનવાનોની યાદીમાં કેટલા ભારતીયો સ્થાન મળ્યુ ? – ત્રણ

૬ બહુચર્ચીત પ્રણવ મુખરજીના પુસ્તકનું નામ આપો... ‘ધ ટર્બ્યુલન્ટ યર્સ : 1980 – 96’.

Vivekanand Academy, Gandhinagar